**Shri Govind Guru University, Godhra**
(Established Vide Gujarat Act No. 24/2015)
**શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા**
(ગુજરાતએકટનં. ૨૪/૨૦૧૫ દ્વારાસ્થાપિત)

નં.એસજીજીયુ/એન.એસ.એસ./૨૦૨૦/૧૧૯૫ તા.૨૮/૦૧/૨૦૨૦

પરિપત્ર-૧૦૭૫

વિષય-શ્રેષ્ઠ પ્રોગ્રામ ઓફિસર તથા શ્રેષ્ઠ સ્વયં સેવકો ની પસંદગી કરવા માટે

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સીટીના એન.એસ.એસ. વિભાગ દ્વારા યુનિવર્સિટી કક્ષાનો શ્રેષ્ઠ પ્રોગ્રામ ઓફિસર તથા શ્રેષ્ઠ સ્વયં સેવકો ની પસંદગી કરવા માટે કોલેજના યુનિટ દીઠ એક પ્રોગ્રામ ઓફિસર અને સ્વયં સેવકોમાં ૧(ભાઈ) ૧ (બહેન)ની માહિતી પરિપત્ર સાથે બિડેલ નિયમો અનુસાર તા.૨૮/૦૨/૨૦૨૦ સુધીમાં યુનિવર્સિટીના એન.એસ.એસ. વિભાગને મોકલી આપવાની રહેશે.

કા.કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી,
ગોધરા

કા. કુલ સચિવ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,

- એન.એસ.એસ. યુનિટો ધરાવતી કોલેજોના પ્રિન્સીપાલશ્રીઓ તથા પ્રોગ્રામ ઓફિસરો તરફ જાણ સારું

નકલ રવાના :

- રાજ્ય એન.એસ.એસ. અધિકારી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં-૧૨, બીજો માળ,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- ડાયરેક્ટર ઓફ એન.એસ.એસ. પાટનગર યોજના ભવન, એલીસબ્રીજ, અમદાવાદ.

## શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, એન.એસ.એસ. વિભાગ દ્વારા
## શ્રેષ્ઠ વિદ્યાર્થી સ્વયંસેવકની પસંદગી માટેના ધોરણો

### (અ) યોગ્યતા માટેના લઘુત્તમ ધોરણો

૧. કોલેજમાં બે વર્ષ એન.એસ.એસ.યુનિટમાં સ્વયંસેવક તરીકે કાર્ય કરેલું હોવું જોઈએ
૨. કોલેજના એન.એસ.એસ.યુનિટ દ્વારા આયોજીત સાત દિવસીય ખાસ વાર્ષિક શિબિરમાં ઓછામાંઓછી એક શિબિર કરેલી હોવી જોઈએ.
૩. એન.એસ.એસ.માં એક વર્ષમાં ૧૨૦ કલાક એમ બે વર્ષ ના કુલ ૨૪૦ કલાક સમાજસેવાની પ્રવૃત્તિ કરેલી હોવી જોઈએ.
૪. સ્વયંસેવકની એન.એસ.એસ.ડાયરી બનાવેલી હોવી જોઈએ.
૫. સ્વયંસેવક ઉપર કોઈપણ ફોજદારી કેસ થયેલો ન હોવો જોઈએ.
૬. યુનિવર્સિટીની કે કોલેજની પરીક્ષામાં કોપીકેસ થયેલ ન હોવો જોઈએ.
૭. શૈક્ષણિક ગુણવત્તા સારી હોવી (એટીકેટી આવેલ ન હોય) જોઈએ.
૮. આચાર્યશ્રી તથા કોલેજના પ્રોગ્રામ ઓફિસરે સંયુકતપણે આપેલું ચાલચલગતનું પ્રમાણપત્ર.

### (બ) યોગ્યતા માટે અપેક્ષિત ધોરણો

૧. આર.ડી પરેડમાં ભાગ લીધેલ હોય.
(૧.દિલ્હી લેવલ, ૨.વેસ્ટ ઝોન લેવલ, ૩.સ્ટેટ લેવલ તથા પુરસ્કૃત થયા હોય)
૨. એડવેન્ચર કેમ્પ માં ભાગ લીધેલ હોય.
(૧.એન.એસ.એસ.દ્વારા, ૨.સરકારી એજન્સી દ્વારા ૩.ખાનગી એજન્સી દ્વારા)
૩. રાષ્ટ્રીય એકતા શિબિર (NIC) (૧.ફક્ત સહભાગીતા, ૨. શિબિર પ્રવૃત્તિઓમાં ક્રમાંક મેળવી પુરસ્કૃત)
૪. એન.એસ.એસ. દિવસની ઉજવણીમાં
(૧. યુનિવર્સિટી, ૨. રાજ્ય કે રાષ્ટ્રીય કક્ષામાં સહભાગીતા ૩.પ્રવૃત્તિઓમાં ક્રમાંક મેળવી પુરસ્કૃત)
૫. વિવિધ પ્રવૃતિઓ જેવી કે,રક્તદાન,રસીકરણ,મેડીકલ કેમ્પ,હેલ્થ અવેરનેસ,વૃક્ષારોપણ,મતદાન જાગૃતિ,પાણી બચાવો, બેટી બચાવો બેટી પઢાવો, સિંગલ યુઝ પ્લાસ્ટિક નિર્મૂલન, સ્વચ્છતા અભિયાન, કુદરતી આફતોમાં કામગીરી, થેલેસેમિયા ટેસ્ટ/અવેરનેસ પ્રવૃત્તિ,પર્યાવરણ જાગૃતિ, દિવ્યાંગ મતદારો માટે સહાયતા,દત્તક ગામ કે વિસ્તારમાં કરેલ વિશિષ્ટ કામગીરી, વ્યસનમુક્તિ, જેવી વિવિધ પ્રવૃતિઓ
૬. ઝોનલ કેમ્પમાં સહભાગીતા, ક્રમાંક મેળવી પુરસ્કૃત થયેલ હોય.
૭. કોલેજ એન.એસ.એસ.યુનિટની પ્રવૃત્તિમાં સ્વયંસેવક તરીકેની સક્રિય ભૂમિકા.
૮. વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા પ્રાપ્ત થયેલ એવોર્ડ
૧, કોલેજ દ્વારા ૨.યુનિવર્સિટી દ્વારા, ૩. સરકાર દ્વારા ૪. અન્ય સક્રિય સંસ્થા દ્વારા પ્રાપ્ત થયેલ એવોર્ડ
૯. વિવિધ સરકારી યોજનાઓના લાભો પ્રજા સુધી પહોંચાડવામાં સક્રિય ભૂમિકા.

૧૦. દત્તક ગામ કે વિસ્તારમાં વિવિધ પ્રવૃત્તિઓમાં પ્રદાન.

૧૧. આદિવાસી વિસ્તારમાં કરેલ જનજાગૃતિ અંગેની શિબિર કે પ્રવૃત્તિઓ.

સુચના:- (૧) ફોટોગ્રાફ્સ, પ્રેસનોટ અને (સર્ટિફિકેટ) પ્રમાણપત્રો આધાર પુરાવા માટે સામેલ કરવાં.

(૨) યુનિવર્સિટીએ આપેલ નિયત સમય મર્યાદામાં ફાઈલ તૈયાર કરી યુનિવર્સિટીના એન.એસ.એસ. વિભાગમાં જમા કરાવવાની રહેશે, સમય મર્યાદા બાદ આવેલ ફાઈલ ધ્યાને લેવામાં આવશે નહિ.

નોધ:- પસંદગી સમિતિનો નિર્ણય આખરી અને સૌને બંધન કર્તા રહેશે.

## શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, એન.એસ.એસ. વિભાગના
## શ્રેષ્ઠ પ્રોગ્રામ ઓફિસરની પસંદગી માટેના ધોરણો

### (અ) પ્રોગ્રામ ઓફિસર માટે યોગ્યતા માટેના લઘુત્તમ ધોરણો

૧. પ્રોગ્રામ ઓફિસરે ૩૧ માર્ચ ૨૦૨૦ પહેલા ઈ.ટી.આઈ તાલીમ મેળવેલ હોવી જોઈએ.

૨. પ્રોગ્રામ ઓફિસર તરીકે ચાર વર્ષથી વધુ અનુભવ હોવો જોઈએ.

૩. પ્રોગ્રામ ઓફિસર ઉપર કોઈપણ ફોજદારી કેસ થયેલો ન હોવો જોઈએ.

૪. પ્રોગ્રામ ઓફિસર ડાયરી મેન્ટેઇન થયેલ હોવી જોઈએ.

૫. કોલેજ કક્ષાએ વાર્ષિક કેલેન્ડર બનાવેલ હોવું જોઈએ.

૬. કોલેજ કે યુનિવર્સિટી કક્ષાએ કોઈપણ ગુનામાં સંડોવણી હોવી જોઈએ નહીં.

### (બ) પ્રોગ્રામ ઓફિસર યોગ્યતા માટેના અપેક્ષિત ધોરણો

૧. ટીમ લીડર તરીકેની ભૂમિકા ૧. આર.ડી પરેડ (૧.દિલ્હી લેવલ, ૨.વેસ્ટ ઝોન લેવલ, ૩.સ્ટેટ લેવલ)

૨. યુનિવર્સિટી, રાજ્ય કે રાષ્ટ્રીયકક્ષાએ એન,એસ,એસ. વિભાગ દ્વારા આયોજિત એડવેન્ચર કેમ્પમાં ટીમ લીડર તરીકે ભૂમિકા

૩. રાષ્ટ્રીય એકતા શિબિર (NIC) માં ટીમ લીડર તરીકે ભૂમિકા

૪. રાજ્ય કે રાષ્ટ્રીય એન.એસ.એસ. દિવસની ઉજવણીમાં ટીમ લીડર તરીકે ભૂમિકા

૫. અન્ય યુનિવર્સિટી, રાજ્ય કે રાષ્ટ્રીય કક્ષાની પ્રવૃત્તિમાં ટીમ લીડર તરીકે ભૂમિકા

૬. કોલેજના યજમાન પદે થયેલ પ્રવૃત્તિ ઝોનલ કેમ્પ,એન.આઈ સી.કેમ્પ,એન.એસ.એસ.દિવસની ઉજવણી,અન્ય એન.એસ.એસ. સંબધિત રાજ્ય કે રાષ્ટ્રીય કક્ષાની પ્રવૃત્તિઓમાં કરેલ સ્પેશિયલ ડ્યુટી.

૭. કોલેજ, યુનિવર્સિટી, રાજ્ય કે રાષ્ટ્રીય કક્ષાએ કોઈ એવોર્ડ પ્રાપ્ત થયો હોય,

૮. વિવિધ પ્રમાણિત એજન્સીઓ દ્વારા સન્માનિત થયેલ હોય.

૯. શિક્ષણ તથા પૂરક પ્રવૃત્તિઓમાં સહભાગીતા

૧૦. કોલેજ એન.એસ.એસ. યુનિટની એડવાઇઝરી કમિટીની મિટિંગની મિનિટ્સ.

૧૧. વિવિધ સેવાકીય કાર્ય (એચ.આઈ.વી. એઇડ્સ, કરુણા અભિયાન, રક્તદાન, પશુરોગ નિદાન કેમ્પ.

૧૨. કોલેજના એન.એસ.એસ,યુનિટનું, , યુનિવર્સિટી રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ વિધાર્થીઓ તથા પ્રોગ્રામ ઓફિસરનો પ્રતીભાગીતા .

૧૩. યુનિવર્સિટી દ્વારા રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએથી સૂચવવામાં આવતી પ્રવૃત્તિઓમાં કરેલ કામગીરી.

૧૪. ગ્રામ વિસ્તારમાં સરકારી યોજનાઓના લાભ પહોચાડવા માટે કરેલ પ્રવૃત્તિઓ.

સુચના:- (૧) પ્રમાણપત્રો (સર્ટિફિકેટ), પ્રેસનોટ, ફોટોગ્રાફ આધાર પુરાવા માટે સામેલ કરવા.

(૨) યુનિવર્સિટીએ આપેલ નિયત સમય મર્યાદામાં ફાઈલ તૈયાર કરી યુનિવર્સિટીના એન.એસ.એસ. વિભાગમાં જમા કરાવવાની રહેશે, સમય મર્યાદા બાદ આવેલ ફાઈલ ધ્યાને લેવામાં આવશે નહિ.

નોધ:- પસંદગી સમિતિનો નિર્ણય આખરી અને સૌને બંધન કર્તા રહેશે.